મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૨ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ખગોળરસિકોએ માણ્યો અદ્‌ભૂત આકાશી નઝારો...!!

ચંદ્રના ત્રણેય સ્વરૂપો સુપરમૂન, બ્લ્યુમૂન અને રેડમૂન જોવા મળ્યા : સાંજના ૫:૧૫ કલાકે પ્રારંભ થયેલ ગ્રહણમાં ૮:૪૧ કલાકે ચંદ્રનો મોક્ષ થયો : ચંદ્ર પૃથ્વીની નજીક આવતા ૩૮ ટકા વધુ તેજસ્વી દેખાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં શહેરીજનોએ ખગોળીય ઘટના ચંદ્રગ્રહણને મોટી સંખ્યામાં માણી હતી. વર્ષો પછી સર્જાયેલી આ આકાશી ઘટનાના પ્રત્યક્ષ નિદર્શન માટે વાવોલની આદર્શ નિવાસી શાળા ખાતે ગુજકોસ્ટ તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપકમે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઘટનામાં ચંદ્રને બરાબર સાંજના ૫.૧૫ કલાકે ગ્રહણ સ્પર્શ થયો હતો અને ૮.૪૧ કલાકે મોક્ષ થવા પામ્યો હતો. જેને ખગોળરસિકો તથા વિદ્યાર્થીઓએ ટેલિસ્કોપ અને આધુનિક બાયનોકયુલર દ્વારા માણી હતી.

સામાન્ય રીતે દર પૂનમે ચંદ્રગ્રહણ થતું જ હોય છે જે દેશના અલગ અલગ વિસ્તારોમાં જોવા મળતું હોય છે પરંતુ આજનું ગ્રહણ સમગ્ર ભારત તથા એશિયાના અનેક દેશોમાં દેખાયું હતું. આજના ગ્રહણની વિશેષતા એ હતી કે એક જ ચંદ્રગ્રહણમાં ચંદ્રમાના વિવિધ સ્વરૂપે સુપરમૂન, બ્લ્યુમૂન અને બ્લડમૂન એટલે કે રેડમૂન એમ ત્રણેય સ્વરૂપો જોવા મળ્યા હતા. આ ચંદ્રગ્રહણનો પ્રારંભ સાંજના ૫:૧૫ કલાકે થયો હતો અને ૮:૪૧ કલાકે પૂર્ણ થયું હતું. જેમાં ૬:૨૨ કલાકથી ૭:૩૮ કલાક દરમિયાન પૂર્ણ ગ્રહણનો નજારો જવા મળ્યો હતો. શહેરના ખગોળરસિકોએ મોટી સંખ્યામાં આ અદભૂત આકાશી નજારાને માણ્યો હતો. આજના આ ગ્રહણ દરમિયાન ચંદ્ર પૃથ્વીની સૌથી નજીક આવ્યો હતો અને પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર સામાન્ય રીતે જે ૪.૦૫ લાખ કિમી હોય છે તે ઘટીને ૩.૫૦ લાખ કિમી સુધી થવા પામ્યું હતું જેના પગલે ચંદ્ર રોજ કરતા ૧૪ ટકા મોટો દેખાયો હતો અને તેની તેજસ્વીતામાં ૩૮ ટકા જેટલો વધારો નોંધાયો હતો. ચંદ્રની આ સ્થિતિને સુપરમૂન તરીકે ઓળખવામાં આવે છે તેવું નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે જણાવ્યું હતું. આ ચંદ્રગ્રહણ દરમિયાન ચંદ્રના ત્રણેય સ્વરૂપો દેખાવાની ઘટના સર્જાઈ હતી જે અગાઉ વર્ષ ૧૮૬૬માં જોવા મળી હતી અને હવે વર્ષ ૨૦૧૮માં ફરી બ્લ્યુમૂન જોવા મળશે તેવું પણ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. અનિલભાઈ પટેલ ઉપરાંત નિસર્ગ સાયન્સના કોઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, વિવેક મકવાણા તથા શિવાંગ પટેલ વગેરે નાગરિકોને ચંદ્રગ્રહણ જોવામાં ટેલીસ્કોપ દ્વારા નિદર્શન તેમજ માહિતી પુરી પાડવામાં મદદરૂપ થયા હતા.

જીઈબી કોલોનીની અંદર ચેઈન સ્નેચર્સ ઘુસ્યા...!

કોલોનીમાં ચાલતા જતા ૪૯ વર્ષીય મહિલાનો દોઢ તોલાનો ચેઈન-પેન્ડ્લ આંચકી બાઈક પર આવેલા બે શખ્સો ફરાર : ધક્કો વાગતા પડી ગયેલા મહિલા ઘાયલ

ગાંધીનગર, તા.૩૧

શહેરને અડીને આવેલી જીઈબી કોલોની ખાતે રહેતા એક ૪૯ વર્ષીય મહિલા સોમવારે સાંજે સવા સાત વાગ્યાના અરસામાં કોલોનીની શોપીંગમાંથી ઘર તરફ ચાલતા ચાલતા જઈ રહ્યા હતા ત્યારે પાછળથી બાઈક લઈને ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સે તેમને ટાર્ગેટ કર્યા હતા. ગળામાં હાથ મારીને મહિલાએ પહેરેલો એક તોલાનો સોનાનો ચેઈન અને સાથેનું અડધા તોલાનું પેન્ડલ આંચકી લઈ ચેઈન સ્નેચર્સ પળવારમાં રફુચક્કર થઈ ગયા હતા. મહિલાને ધક્કો વાગતા પડી જતા હાથે-પગે ઈજાઓ પણ પહોંચી હતી. આ મામલે મહિલાની અરજી લઈ પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ જીઈબીમાં નોકરી કરતા એક અધિકારી પાનંન્દ્રો ખાતે ફરજ બજાવે છે. તેમના પત્નિ અને સંતાનો ગાંધીનગર સ્થિત જીઈબી કોલોનીમાં રહે છે. અધિકારીના ૪૯ વર્ષીય પત્નિ ગઈ કાલે સાંજે સવા સાત વાગ્યાના અરસામાં કોલોનીની શોપીંગમાં દુધ લેવા ગયા હતા ત્યાંથી પરત ચાલતા ચાલતા જઈ રહ્યા હતા અને કોલોનીના મંદિર પાછળના રોડ પાસે પહોંચ્યા ત્યારે પાછળથી બાઈક પર બે ગઠીયાઓ તેમની નજીક આવ્યા હતા. ગળામાં ઝાપટ મારીને દોઢ તોલા વજનની સોનાની ચેઈન પેન્ડલ ખેંચી લઈ બાઈક પર ભાગ્યા હતા. મહિલા પડી જતા ઈજાગ્રસ્ત થયા હતા અને બુમાબુમ કરતા ટોળું ભેગુ થઈ ગયું હતું. બાઈકનો પીછો કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે શખ્સો અંધારામાં ઓગળી ગયા હતા. મહિલાએ જીઈબી સિકયુરીટીને ઘટનાની જાણ કરી બંને મુખ્ય દરવાજાઓના સીસીટીવી ફુટેજ મેળવ્યા છે તે ઉપરાંત પ્રાથમિક સારવાર લીધા બાદ ઘટના અંગે સે-૨૧ પોલિસ મથકમાં અરજી પણ નોંધાવી છે.

વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સાથે સામાન્ય જ્ઞાનનો પણ વિકાસ થાય તે હેતુથી શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે મહારાષ્ટ્ર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈમેજિકા, લોનાવાલા, ખંડાલા, પંચગીની, મહાબળેશ્વર જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. સમગ્ર પ્રવાસનું આયોજન ચૌધરી ચંદ્રિકાબેન તથા ચૌધરી ઈજુબેને કરેલ હતું.

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા ૪થી ફેબ્રુઆરીએ રેલી

ગાંધીનગર, તા.૩૧

શ્રી વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ગાંધીનગર અને શ્રી ગાંધીનગર વૈષ્ણવ સમાજ તરફથી પદ ભોગ (બડો મનોરથ) ૨૫ વર્ષ રજત જયંતિ નિમિત્તે તા. ૪થી ફેબ્રુઆરી રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાઈક, સ્કુટર તથા કાર સાથે હવેલી મંદિરથી નીકળી ગાંધીનગરના બધા જ સેકટરમાં ફરવાનું નક્કી કરેલ છે. તો સર્વે વૈષ્ણવોને પોતાના વાહનો સાથે ૩.૩૦ કલાકે હાજર રહેવા વિનંતી છે. વધુ માહિતી માટે પ્રમુખ તુષાર ડી. શાહ ૯૮૯૮૯૦૭૫૭૭, ઉપપ્રમુખ શીતલ જી. શાહ ૯૮૨૫૬૦૫૪૦૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

પ્રખ્યાત ભૌતિક વિજ્ઞાની ડૉ. એચ.સી. વર્માએ વિદ્યાર્થીઓને ગહનજ્ઞાન આપ્યું

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે યોજાયેલ 'ફન વિથ ફિઝિક્સ' કાર્યક્રમમાં આઈઆઈટી કાનપુરના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. એચ.સી. વર્મા ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૩૧

ભૌતિકશાસ્ત્ર એ કુદરતને સમજવા માટેનું ગહન વિજ્ઞાન છે, જેને સમજવા પ્રયોગોની અનિવાર્યતા આવશ્યક રહે છે. આ બાબતને ધ્યાને રાખીને સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે 'ફન વિથ ફિઝિક્સ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભારતના જાણીતા ભૌતિક વિજ્ઞાની તથા શિક્ષણશાસ્ત્રી અને કાનપુરની આઈઆઈટીના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. એચ.સી. વર્મા પધાર્યા હતા.

ગાંધીનગરના સે-૧૫ ખાતે તા. ૩૦મી જાન્યુઆરીએ સવારે ૧૦.૩૦ કલાકે સરકારી વિજ્ઞાન કોલેજના બાયસેગ હોલ ખાતે યોજાયેલ 'ફન વિથ ફિઝિક્સ' કાર્યક્રમમાં ડૉ. એચ.સી. વર્માએ વિદ્યાર્થીઓને અત્યંત સરળ અને રમૂજી શૈલીમાં ભૌતિક વિજ્ઞાનના ગહન જ્ઞાનને પીરસ્યું હતું. સરળ પ્રયોગોના નિદર્શન દ્વારા તેમણે ભૌતિક શાસ્ત્રની વિવિધ સંકલ્પનાઓ સમજાવી હતી તેમજ ભૌતિકશાસ્ત્ર જેવા વિષયને રસપ્રદ તથા આનંદદાયક બનાવવા ટીપ્સ પણ આપી હતી. કુલ ૩૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા ડૉ. વર્માએ વર્ગખંડમાં નિદર્શન કરી શકાય તેવા ૬૦૦ જેટલા પ્રયોગો વિકસાવ્યા અને તેમના ૧૩૯ જેટલા સંશોધન પત્રો વિશ્વ વિખ્યાત સંદર્ભ ગ્રંથોમાં સામેલ થયા છે. 'કોન્સેપ્ટસ ઓફ ફિઝિક્સ' ના લેખક એવા ડૉ. વર્માનું વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયાએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. 'ફન વિથ ફિઝિક્સ' કાર્યક્રમનો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

આજે સિવિલમાં જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે સીબીનેટ મશીનનું લોકાર્પણ કરાશે

આ મશીન દ્વારા ટીબીના શંકાસ્પદ કેસનું માત્ર બે જ કલાકમાં નિદાન થશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા ક્ષય કેન્દ્ર ખાતે આવતીકાલે જીન એકસપર્ટ એટલે કે સીબીનેટ મશીનનું લોકાર્પણ કરવામાં આવનાર છે. જેમાં ફેફસા સિવાયના ટીબીના રોગ અંગે પણ પરિક્ષણ થઈ શકશે. જેથી અમદાવાદ સેમ્પલ મોકલવા પડતા હતા તે હવે નહીં મોકલવા પડે અને ગાંધીનગરમાં ફકત બે જ કલાકમાં ટીબીના દર્દીનું નિદાન થઈ શકશે. બાળક તેમજ એચઆઈવી પોઝીટીવ દર્દીઓ તથા એકસ્ટ્રા પલ્મોનરી દર્દીઓ માટે ખુબ જ ઉપયોગી અને આશિર્વાદરૂપ સાબિત થશે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી બે હજારથી પણ વધુ ટીબીના પોઝીટીવ દર્દીઓ મળી આવે છે જો કે તેમની નિયમિત દવા અને જરુરી આહાર આપવાને કારણે તેમાથી મોટાભાગના દર્દીઓ ક્યોર પણ થઈ જતા હાવાનો સરકારનો દાવો છે. ત્યારે આવી પરિસ્થિતિમાં દર્દીનું ઝડપથી ડાયગ્નોસીસ થઈ જાય તે ભારત સરકારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા જિલ્લા ક્ષય કેન્દ્રને જીન એકસપર્ટ એટલે કે સીબીનેટ મશીન આપવામાં આવ્યું છે. આ મશીન થકી માત્ર બે જ કલાકમાં દર્દીના ગળફાનું સેમ્પલ લઈને તેનું નિદાન ઝડપ અને સરળતાથી થઈ શકશે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એમ.એચ. સોલંકીએ જણાવ્યું હતું કે જીન એકસપર્ટ મશીન આવતીકાલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ખુલ્લુ મુકવામાં આવનાર છે.આ મશીન સિવિલ હોસ્પિટલના જિલ્લા ક્ષય કેન્દ્રને મળવાથી દર્દીનું માત્ર બે જ કલાકમાં નિદાન થઈ શકશે જેથી કલાકો સુધી દર્દીઓને બેસી રહેવું પડતુ હતું તેનાથી છુટકારો મળશે. ખાસ કરીને નાના બાળકો, એચઆઈવી પોઝીટીવ દર્દીઓ સહિત ટીબીની એકસ્ટ્રાપલ્મોનરી દર્દીઓના નિદાન પણ આ મશીન દ્વારા ઝડપથી કરી આપવામાં આવશે. જેને પરિણામે તેઓને આપવામાં આવતી સારવાર પણ વધુ સઘન કરી શકાશે. વધુમાં જણાવ્યું છે કે પ્રાઈવેટ હોસ્પિટલ કે કિલનીકના દર્દીઓના પણ ગાંધીનગર ક્ષય કેન્દ્રમાં આ મશીન મારફતે નિશુલ્ક પરિક્ષણ કરી આપવામાં આવશે.ત્યારે રૂ.૩૦ થી ૪૦ લાખનું મશીન ગાંધીનગર સિવિલમાં આવવાને કારણે હવે ફેફેસા સિવાયના ટીબીના દર્દીઓના સેમ્પલ અમદાવાદ નહીં મોકલાય અને ગાંધીનગરમાં ઝડપથી સારવાર અને નિદાન થઈ શકે છે.

ગુરૂ બ્રાહ્મણ સમાજના નવા નિમણુંક થયેલ કર્મચારીઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

પાટનગર ગુરુ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા ગુજરાત રાજયના તમામ ગુરુ બ્રાહ્મણ સમાજના નવા નિમણુંક થયેલા કર્મચારીના સન્માન સમારંભનું આયોજન તા. ૨૪-૨-૨૧૦૮ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ-ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. જે સન્માન સમારોહમાં સમાજના ગુરુ બ્રાહ્મણ સમાજની વ્યકિતઓએ રાજય સરકારની કચેરી ખાતે વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૭ સુધી કાયમી ધોરણે નિમણુંક મેળવેલ હોય તે સૌ કર્મચારી/અધિકારીશ્રીઓએ સંસ્થાના હોદ્દેદારો પાસેથી ફોર્મ મેળવી તા. ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં કન્વીનર સુખાનંદભાઈ શ્રીમાળી, સહ કન્વીનર રીન્કુભાઈ શ્રીમાળી, ત્રિભોવનદાસ શ્રીમાળી, મહેન્દ્રભાઈ શ્રીમાળી, સલાહકાર અમૃતલાલ શ્રીમાળી, પ્રમુખ કિરીટકુમાર શ્રીમાળી, મહામંત્રી જીતેન્દ્ર દવે સહિત અન્ય હોદ્દેદારોને પરત કરવાનું રહેશે તેમ સંસ્થાના કાર્યાલય મંત્રી ચીમનલાલ રાજગોર અને ભરતભાઈ શ્રીગોડએ જણાવ્યું છે.

જમીયતપુરા ગામમાં પોલિસનો દરોડો : પાંચ શકુની પકડાયા

ગાંધીનગર, તા.૩૧

અડાલજ નજીક જમીયતપુરા ગામમાં જેહાજીના વાસમાં ગઈ રાત્રે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી આધારે અડાલજ પોલિસ સ્ટેશનની સર્વેલન્સ સ્કવોર્ડે દરોડો પાડી પાંચ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. અડાલજ પોલિસે રૂ. ૫૫ હજાર મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની સર્વેલન્સ સ્કવોર્ડના કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને ચોકકસ બાતમી મળી હતી કે જમીયતપુરા ગામમાં જેહાજીના વાસની પાસે રસ્તાની બાજુમાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે. આ બાતમી આધારે ગઈ રાત્રે અડાલજ પોલિસે દરોડો પાડી દંતાલી ગામના ગણપતપુરા ખાતે રહેતા રસીક ભીખા પટેલ, દંતાલીના રામદેવનગર રહેતા પ્રહલાદ નાથા ઠાકોર, દંતાલીના નવી ઓડ ખાતે રહેતા દિનેશ જવાન ઠાકોર, ખોડા કાંતી ઠાકોર અને જમીયતપુરા જેહાજીવાળા વાસમાં રહેતા વિનોદ ગોપાલ ઠાકોર મળી પાંચ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ દબોચી લીધા હતા. તેમની પાસેથી પોલિસે રોકડ રૂ. ૧૭,૬૭૦, ચાર મોબાઈલ, બે બાઈક મળી કુલ રૂ. ૫૪,૯૭૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડ્રમ સર્કલ થકી બાળકોએ સંગીતનો આનંદ ઉઠાવ્યો

સે-૨૮માં સરકારી પ્રાથમિક શાળા ૨૮/૧ ખાતે ઈશાન સંસ્થા દ્વારા આયોજિત ડ્રમ સર્કલ કાર્યક્રમમાં બાળકોએ વિવિધ ડ્રમ વગાડવાનો આનંદ માણ્યો હતો. બાળકોએ લયબધ્ધ રીતે વગાડેલા આ ડ્રમ સર્કલને સ્થાનિક નગરસેવિકા હર્ષાબા ધાંધલ તથા શાળાના આચાર્ય પ્રકાશભાઈ પટેલે પણ માણ્યો હતો. બાળકોએ વગાડેલા ડ્રમ્સને કારણે સમગ્ર વાતાવરણ સંગીતમય બની ગયું હતું.

લાયોનેસ કલબ દ્વારા સિવિલ હોસ્પિટલમાં વોટરકુલરની ભેટ

ગાંધીનગર, તા.૩૧

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા પરમાનેન્ટ પ્રોજેકટ અંતર્ગત સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં વોટરકુલર મુકવામાં આવ્યું. આ વોટરકુલર લાયોનેસ સ્વર્ગીય શૈલાબેન પટેલના સ્મરણાર્થે પી.પી. ભાવનાબેન પટેલ, કિન્નાબેન જાની અને નીનાસીંગ દ્વારા આપવામાં આવ્યું ત્યારબાદ સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ સે-૧૯ના બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં લાયોનેસ ચેરમેન ઉષાબેન શાહ, પ્રેસીડન્ટ મિનાક્ષીબેન જયસિંઘાણી, સેક્રેટરી નીતાબેન રાણા તેમજ ડીસ્ટ્રીકટ ઓફિસર અનિલભાઈ જયસિંઘાણી, ચંદાબેન યાદવ, મમતાબેન રાવલ, કથન ત્રિવેદી અને મોટી સંખ્યામાં પૂર્વ પ્રમુખશ્રી અને સભ્યો હાજર રહ્યા હતા.

રૂપાલ ખાતે ગાયત્રિ પરિવાર દ્વારા આરોગ્યલક્ષી કેમ્પનું આયોજન

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા રૂપાલ ખાતે રજી ફેબ્રુઆરીને શુકવારના રોજ સવારે ૯ થી ૧ કલાક સુધી વિવિધ આરોગ્યલક્ષી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રૂપાલના નિલકંઠ મહાદેવ હોલ ખાતે મહિલાઓના ગર્ભાશયના સંભવિત કેન્સરના આગોતરા નિદાન માટે નિઃશુલ્ક પેપ ટેસ્ટ કરી આપવામાં આવશે. આ ઉપરાંત, સંજીવની રથ દ્વારા મેમોગ્રાફી, કેન્સર પીડિત દર્દીઓના કલ્યાણાર્થે રકતદાન શિબિર, દંત ચિકિત્સા કેમ્પ તથા મધુપ્રમેહ (ડાયાબિટિસ)ની નિઃશુલ્ક ચકાસણીના કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. આ આરોગ્ય વિષયક કાર્યક્રમમાં નેત્ર નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જરૂરિયાતવાળાઓને મફત નેત્રમણી મુકવાની સુવિધા સાથે રાહતદરે ચશ્માનું વિતરણ પણ કરવામાં આવશે. પેપ ટેસ્ટ તથા રકતદાન કરવા ઈચ્છુક વ્યકતિઓએ ફોન નં. ૯૭૨૫૮ ૩૯૪૩૯, ૭૩૫૯૪ ૫૩૩૨૫, ૯૪૨૮૦ ૨૭૩૨૨, ૯૬૨૪૪ ૫૫૫૫૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

સાયકલ શેરીંગ પ્રોગ્રામમાં સિનિયર સિટીઝન માટે સાદી સાયકલ મૂકવા માંગ

ગાંધીનગર, તા.૩૧

પાટનગરમાં ચાલતા સાયકલ શેરીંગ પ્રોગ્રામમાં સિનિયર સિટીઝનો ચલાવી શકે તેવી સાયકલો મુકવા જિલ્લાના કલેકટરને રજૂઆત કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરમાં સાયકલ શેરીંગ પ્રોગ્રામ શરુ કરવામાં આવ્યો છે. જેમાં રોજિંદા કામો કરવા માટે સાયકલ વાપરી શકાય તે માટે દરેક સર્કલે સાયકલ માટેના કેબીનો મુકવામાં આવ્યા છે. શહેરના યુવાનો દ્વારા આ સાયકલનો ભરપુર માત્રામાં ઉપયોગ થાય છે. પરંતુ સિનિયર સિટીઝનો આ સાયકલનો ઉપયોગ કરી શકતા નથી. સિનિયર સિટીઝનો દ્વારા સીધી-સાદી તથા નોર્મલ ઉંચાઈવાળી સાયકલ મુકવા કલેકટરને રજુઆત કરવામાં આવી છે. સિનિયર સિટીઝનો સાયકલ ચલાવી કસરત કરી તેનો લાભ લઈ શકે તે માટે તેઓ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

ચિરવિદાય

- સ્વ. જડીબેન કાશીભાઈ દેસાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. ગાંડાજી શકરાજી ઠાકોર, ઉ.વ. ૬૬
- સ્વ. શકરીબેન રાજુભાઈ ઠાકોર, ઉ.વ. ૩૦
- સ્વ. ચંપાબેન જસમતભાઈ ભીમાણી, ઉ.વ. ૭૫
- સ્વ. મુળીબેન મોહનભાઈ રાઠોડ, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર રામજી પ્રતાપજી, ઉ.વ. ૪૯